


# મારું નિદાન ઝડપથી થયું.

## My Care Record (મારી કાળજીની માહિતી) માં રહેલી માહિતીને પગલે

આપના GP (જનરલ પ્રેક્ટિશનર), સામુદાયિક સ્વાસ્થ્ય ટીમ, માનિસક સ્વાસ્થ્ય ટીમ અને સામાજિક સારસંભાળ લેનારી ટીમ વગેરે તમામ ટીમો આપના સ્વાસ્થ્યની કાળજીનો રેકોર્ડ અલગથી જાળવી રાખી શકે છે.

ઘણીવાર ફક્ત એક સંગઠનની અંદરના જ સ્વાસ્થ્યની કાળજી લેનારા વ્યાવસાયિકો આ માહિતી જોઈ શકે છે. તેનો અર્થ એ થયો કે, શ્રેષ્ઠ કાળજી લેવા માટે ભેગા મળીને કામ કરવું તેમના માટે મુશ્કેલ થઈ શકે છે.

જ્યારે માહિતીને વધુ સંયુક્ત પ્રયાસો દ્વારા પૂરી પાડવામાં આવે છે ત્યારે સ્વાસ્થ્યની કાળજી લેનારા વ્યાવસાયિકો આપના અને આપના પરિવારના સ્વાસ્થ્યની વધુ ઝડપી અને વધુ અસરકારક રીતે કાળજી લઈ શકે છે.

***My Care Record ની મદદથી સ્વાસ્થ્યની કાળજી લેનારા વ્યાવસાયિકો આપની સારસંભાળ લેવાને સુધારી શકાય તે માટે આપની માહિતીને ઉપયોગમાં લઈ શકે છે.***

**તેનાથી આ બાબતો પૂરી પાડી શકાય છે:**

- સુસંકલિત સારસંભાળ
- ઝડપી નિદાન અને સારવાર
- સારસંભાળ લેવા પાછળ વધુ સમય ગાળી શકાય છે
- ઓછી કાગજી કાર્યવાહી અને ઓછું પુનરાવર્તન
- ઓછા બિનજરૂરી ક્લિનિકલ ટેસ્ટ્સ
- વધુ સચોટ પ્રીસ્ક્રિપ્શન
- સ્વાસ્થ્ય અને સારસંભાળનું વધુ સારું આયોજન

My Care Record

આપણા પ્રદેશમાં આવેલા આપની સ્વાસ્થ્યની સારસંભાળ લેનારા સંગઠનો My Care Record તરીકે જાણીતા અભિગમનું અમલીકરણ કરવા માટે ભેગા મળીને કામ કરી રહ્યાં છે.

My Care Record ની મદદથી આપના સ્વાસ્થ્યની સારસંભાળ લેનારા વ્યાવસાયિકો આપની સારવાર કરવા માટે તેમને જરૂરી માહિતી મેળવી શકે છે, ભલે પછી તેઓ અન્ય કોઈ સંગઠન માટે કે અન્ય કોઈ સ્થળે કામ કરતા હોય. તેમાં GP (જનરલ પ્રેક્ટિશનર), હોસ્પિટલ ક્લિનિશિયન્સ, નર્સ, હેલ્થ વિઝિટર અને સામાજિક કાર્યકરોનો સમાવેશ થાય છે. તેને ઇંગ્લેન્ડના પૂર્વ ભાગમાં લાગુ કરવામાં આવી રહ્યું છે.

## My Care Record કેવી રીતે કામ કરે છે?

My Care Record એ આપના સ્વાસ્થ્યની સંભાળ લેવા સંબંધિત માહિતીને સંકલિત કરી આ સ્વાસ્થ્યની કાળજી લેવાની પ્રક્રિયાને સુધારવાનો એક અભિગમ છે.

આ માટે સમગ્ર પ્રદેશમાં કેટલીક અલગ-અલગ પ્રકારની સલામત કમ્પ્યૂટર સિસ્ટમને ઉપયોગમાં લેવાય છે. તેની મદદથી આપની સ્વાસ્થ્ય સંભાળ લેનારા વ્યાવસાયિકો અન્ય સેવાઓ પાસે રહેલા આપના રેકોર્ડને ડિજિટલ રીતે ઉપયોગમાં લઈ શકે છે. કેટલાક વિસ્તારોમાં આ સિસ્ટમ પહેલેથી જ કાર્યરત છે, તો અન્ય વિસ્તારોમાં ઘણી કામગીરી ચાલી રહી છે.

My Care Record આ કામગીરીમાં સામેલ તમામ સંગઠનોને કરારબદ્ધ કરે છે. તેનો અર્થ એ થયો કે, તેઓ આપના સ્વાસ્થ્યની કાળજીને સુધારવામાં મદદરૂપ થવા માટે સલામત રીતે માહિતીનું આદાનપ્રદાન કરવા માટે કટિબદ્ધ થાય છે.

## મારી માહિતીને કોણ જોઈ શકે છે?

આપના સ્વાસ્થ્યની કાળજી લેનારા વ્યાવસાયિકો આપના સ્વાસ્થ્યની કાળજી લેવા માટે જ્યારે પણ જરૂરી હોય ત્યારે, જ્યાં પણ શક્ય હોય ત્યાં, આપના રેકોર્ડનો ઉપયોગ કરી શકશે.

My Care Record નો ઉપયોગ આપના સ્વાસ્થ્યની કાળજી લેવામાં સંકળાયેલા વ્યાવસાયિકો જ કરી શકશે. તેનાથી આપને મળતાં લાભ પ્રભાવિત થશે નહીં. આપના સ્વાસ્થ્યની કાળજી લેવામાં સીધી સંકળાયેલી ન હોય તેવી થર્ડ પાર્ટીઓ, કંપનીઓ અને વ્યક્તિઓ આપના રેકોર્ડને જોઈ શકશે નહીં.



My Care Record અભિગમ એ જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન (GDPR)નું પાલન કરે છે. આપની તમામ માહિતી પર સલામત રીતે પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

કેટલીક માહિતીનો ઉપયોગ સેવાઓ અને ભવિષ્યની યોજનાઓને સુધારવામાં મદદરૂપ થવા માટે થશે. ઉદાહરણ તરીકે, તેનાથી અમને ભવિષ્યમાં આપની સારસંભાળ લેવા માટે જરૂરી ડૉક્ટરો, નર્સ અને કાળજી લેવામાં સંકળાયેલા કાર્યકરોની સંખ્યાનું આયોજન કરવામાં મદદ મળી રહેશે. આ માહિતીનો ઉપયોગ કરી રહેલા લોકો આપના નામ વગેરે જેવી આપની ઓળખને છતી કરે તેવી કોઈ માહિતી જોઈ શકશે નહીં.

## શું હું વાંધો ઉઠાવી શકું?

સેવાઓની વચ્ચે આદાનપ્રદાન થઈ રહેલા આપના રેકોર્ડ પર આપ વાંધો ઉઠાવી શકો છો. જો આપ વાંધો ઉઠાવવા માંગતા હો તો, આપે આપની સારસંભાળ લઈ રહેલા સ્વાસ્થ્ય વ્યાવસાયિકો સાથે વાત કરવી જોઇએ. ઉદાહરણ તરીકે આપના GP (જનરલ પ્રેક્ટિશનર).

માહિતીનું આદાનપ્રદાન એ ઘણીવાર આપના સ્વાસ્થ્યની કાળજી લેવા માટે ખૂબ જ મહત્વનું સાબિત થાય છે. માહિતીનું આદાનપ્રદાન ન થવા દેવાનો અર્થ એ છે કે, આપને મદદરૂપ થવા માટે શ્રેષ્ઠ રીતે કામ કરવામાં વધુ સમય ખર્ચાવો. આપના સ્વાસ્થ્યની કાળજી લેવા માટે ઘણી બધી સેવાઓએ આપની માહિતીનું આદાનપ્રદાન કરવાની જરૂર છે.

આપને જો કોઈ પ્રશ્ન હોય તો, કૃપા કરીને આપના GP (જનરલ પ્રેક્ટિશનર) સાથે અથવા આપને મદદરૂપ થઈ રહેલા સ્વાસ્થ્યની સંભાળ લેનારા અન્ય કોઈ વ્યાવસાયિક સાથે વાત કરો.

**તેમાં ભાગ લઈ રહેલા સંગઠનોની યાદી સહિત વધુ માહિતી માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.mycarerecord.org.uk ની મુલાકાત લો.**

October 2020 V1.0
Gujarati